# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.

## વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

## જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

## વ્યાખ્યાન-૧૬- શાસ્ત્રીય સંગીતનું ભૌતિક શાસ્ત્ર

**વ્યાખ્યાતા- આચાર્ય  શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ**

**તારીખ –૦૭/૦૪/૨૦૨૩**

શાસ્ત્રીય સંગીતના ભૌતિક શાસ્ત્રની આપણે વાત કરીએ છીએ ત્યારે સૌથી મહત્વની વાત આવે છે રાગ માલકોશની. જૈન પરંપરામાં કહેવામાં આવે છે કે કોઈપણ તીર્થંકર પરમાત્મા જ્યારે દેશના આપે છે ત્યારે એ માલકોશ રાગમાં આપે છે. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય જીએ વિતરાગ સૂત્રમાં કહ્યું છે કે

मालवकैशिकी मुख्यः ग्रामरागपवित्रि तः ।
तव दिव्यो ध्वनिः पीतो. हर्षोद्ग्रीवैर्मृगैरपि ।

તીર્થંકર પરમાત્મા હંમેશાં માલકૌંસ રાગમાં જ શા માટે દેશના આપે છે?

માલકોશ રાગ એ બહુ અદભુત રાગ છે એનું જે દિવ્ય ધ્વનિ છે સંગીતના જે રશિયા છે એમને ખૂબ જ આશ્ચર્યચકિત કરે છે. અને સંગીત ક્યાંક પણ હોય એવો તલ્લીન થઈ જાય છે. તીર્થંકર પરમાત્મા હંમેશા માલકોશ રાગમાં જ દેશના આપે છે તો શા માટે એ ભાગ્ય જ કોઈને ખબર હશે. જોકે શાસ્ત્રીય સંગીત ઉપર જૈન અકાદમી તરફથી 24 લેકચર થયા છે એટલે એ વિશે થોડી જાણકારી હશે. આપણે સહુને બૈજુ બાવરા અને તાનસેનના પ્રસંગની તો ખબર હશે જ. એ એ માલકોશ રાગમાં એવી અદભુત તાકાત છે કે  ભલભલાના હૃદય ધ્રુજાવી દે છે. જોકે તીર્થંકર પરમાત્માને અતિશય હોય છે એટલે એમની દેશના ક્યારેય પણ નિષ્ફળ જતી નથી પણ એ દેશના નિષ્ફળ ન જવામાં એક પ્રબળ કારણ અતિશયની ઉપર એક બીજું મહત્વનું કારણ તો એ માલકોશ રાગ છે. પરમાત્મા સંગીતમાં દેશના આપે છે કારણ કે તેઓ રાગ અને

દ્વેષથી તો પર છે વીતરાગ છે અને દ્વેષ વગરના છે. પરમાત્મા આ રાગમાં દેશના આપવાનું કારણ તાનસેન અને બૈજુબાવરાનો પ્રસંગ છે. તાનસેન અને બૈજુ બાવરા વચ્ચે બંને ગુરૂ ભાઈ છે. એકબીજાને મળ્યા  નથી. પહેલા બૈજુ બાવરા સંગીતનો અભ્યાસ કરીને ગુરુ પાસેથી જાય છે એ પછી તાનસેન શીખવા માટે ગુરુ પાસે આવે છે. એને પોતાના ગુરુ ભાઈ અંગેની જાણકારી એના ગુરુ પાસેથી મળે છે એટલે એ એને મળવા માટે જાય છે એને મળવાનું મન થાય છે એટલે એ પોતે સંગીત સ્પર્ધાનું આયોજન કરે છે. એ સ્પર્ધા કરતા કરતા એને ક્યાંય બીજુ બાવરા મળતા નથી બેજુ બાવરા મળતા નથી. બૈજુ બાવરાની તાનસેનના સંગીત અંગે ખબર પડે છે એટલે બંને વચ્ચે સ્પર્ધા યોજાય છે. પહેલા તાનસેન રાગ લવરી ગાય છે તો જંગલમાંથી હરણનું ટોળું આવી જાય છે. ત્યારપછી ગુર્જર ધ્વનિ રાગ ગાય છે એટલે તાનસેને જે એક હરણને હાર પહેરાવ્યો હતો એ એક જ હરણ આવે છે. આ બધી વસ્તુથી લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. અને બાદશાહના કહેવાથી એટલે બૈજુએ કહ્યું કે એ રાગ માલકોશ ગાશે. માલકોશ રાગના પ્રભાવ થી સામે પડેલો જે પથ્થર છે એ એ પીગળી જશે એમાં હું મારો તાન પુરો મૂકી દઈશ અને હું જ્યારે સંગીત બંધ કરીશ ત્યારે પથ્થર જામી જશે અને પથ્થર જામી જશે પછી તામસે ને પથ્થરને તોડ્યા વગર મારો તાન પૂરો બહાર કાઢી આપવો. બૈજુ બાવરાએ માલકોશ રાગ શરૂ કર્યો છે એનો માહોલ બન્યું છે એક્સ્ટ્રીમ લેવલ ઉપર આવી ગયો છે એના જે વાઇબ્રેશન છે એના પરિણામે પથ્થર એ મીણની માફક પીગળી ગયો છે પાણી થઈ ગયો છે અને બેજુ બાવરા એમાં તાનપુર મુકવા ઉભો થાય છે ત્યારે તાનસેન પણ ઉભો થઈ જાય છે કે એ બૈજુના પગમાં પડીને કહે છે કે તમે જીતી ગયા હું હારી ગયો. આપ કોણ છો ? બેજું છો રીતે બંને ની વાત હિસ્ટ્રી છે, કથા નથી કાલ્પનિક નથી વાસ્તવિક બનેલી ઘટના છે.

આપણને આશ્ચર્ય થાય કે પરમાત્મા માલકોશ રાગમાં આપે છે દેશના આપે છે એની પાછળનું મુખ્ય કારણ આ જ છે કે પથ્થર જેવો પથ્થર પણ પીગળી જતો હોય તો ભલભલા માણસોના હૃદય પણ પીગળી જાય અને એના હૃદયનું  પરિવર્તન પણ થઈ શકે. તો આ રીતે માલકોશ

રાગનું મહત્વ છે એની અદભુત તાકાત છે. એ  માટે થઈને પરમાત્મા માલકોશ રાગની અંદર દેશના આપે છે.

કોઈને શંકા થાય કે આ બધું તો કથા વાર્તા છે કાલ્પનિક પણ હોઈ શકે આજનું વિજ્ઞાન આ બાબતની સાક્ષી પૂરે છે.આજના વિજ્ઞાનમાં સામાન્ય રીતે યુરિંગ સ્ટોન એટલે કે મૂત્રપિંડ ની અંદર થતી પથરી પહેલા ઓપરેશન કરીને કાઢવામાં આવતી હતી અને એ પછી ટેકનોલોજી બદલાઈ એમાં અલ્ટ્રા સાઉન્ડ ની મદદ થી એ પથરીનો ભૂકો કરી દેવામાં આવે છે એટલે અલ્ટ્રાસોનિક એટલે વેવસ એટલે ધ્વનિ તરંગો એ ધ્વનિ તરંગો એટલા શક્તિશાળી હોય છે પથ્થર છે કિડનીમાં રહેલો જે પથ્થર છે એ સ્ટોનનો પણ ભૂકો કરી નાખે છે, પાવડર કરી નાખે છે. તે અહીં આ સ્લાઈડમાં બતાવવામાં આવ્યું છે એટલે આજનું આજે વિજ્ઞાન છે એ પણ સિદ્ધ કરે છે કે ધ્વનિ દ્વારા પથ્થરનો પાવડર થઈ જાય છે એટલે માલકોશ રાગના જે ધ્વનિ છે એ પથ્થરને પણ પીગળાવી દે એ કોઈ નવાઈ ની વાત નથી એટલે પરમાત્મા માલકોશ રાગમાં દેશના આપે છે એનું આ વૈજ્ઞાનિક કારણ છે.

સંગીતમાં ઓમકાર એમકહેવામાં આવે છે કે ઓમકાર એમાંથી જે સાત સ્વરો નીકળ્યા છે ઓમકારના ધ્વનિ અહીં મહત્વ બતાવવામાં આવ્યું છે. અહીં ઓઇલના ટીપા નું ચિત્ર બતાવવામાં આવ્યું છે એની ઉપર સંગીતનું ઓમકારનું જે ધ્વનિ છે એના ઉપર એની અસર કેવી થાય છે ફોટોગ્રાફ લેવામાં આવ્યો છે. આ રીતે ઓમકારના જે સાઉન્ડ છે વેવ્સ છે એ અદભુત પ્રકારની આકૃતિ નું સર્જન કરે છે. એની સાથેનું જે લખાણ છે એ મુસ્લિમ પીર હઝરત ઇનાયત ખાન નું છે કે વૈદિક પરંપરા ની અંદર બે બ્રહ્મ બતાવવામાં આવ્યા છે એક બ્રહ્મ એટલે આખું બ્રહ્માંડ બીજું બીજું બ્રહ્મ એટલે શબ્દ. શબ્દની શક્તિ માંથી દરેક વસ્તુ ઉત્પન્ન થઈ છે એવું વૈદિક પરંપરામાં માનવામાં આવે છે એ વાત અહીં પીર હઝરત ઇનાયત ખાન કહે છે. ધ્વનિ દ્વારા આપણે કોઈપણ વસ્તુ ઉત્પન્ન કરી શકીએ છીએ. ધ્વનિ નું શબ્દનું જે જ્ઞાન છે એ સુપ્રીમ કહેવામાં આવ્યું છે બીજા બધા જ સ્વરો કરતા એકદમ વિલક્ષણ છે નોલેજ દ્વારા

શબ્દના જ્ઞાન દ્વારા આપણે સર્વજ્ઞ પણ બની શકીએ છીએ. તો આ રીતે શબ્દ છે પોતાનું એક વિશિષ્ટ મહત્વ છે એ મુસ્લિમ પીર હજરત ઈનાયત ખાન એ પણ સ્વીકારે છે

ગીતના સાતેય સ્વર ઓમમાંથી પેદા થયેલા છે.ષડ્સને સા, ઋષભને રિ, ગંધારને ગ, મધ્યમને મ, પંચમને પ, ઘૈવતને ધ અને નિષાદને નિ કહે છે. તેની વિશેષ વૈજ્ઞાનિક માહિતી નીચે પ્રમાણે છે. હવે મહત્વની વાત છે કે બતાવવામાં આવી છે હાર્મોનિયમ નું કીબોર્ડ બતાવવામાં આવ્યું છે. એમાં સારેગામા પધનીસા  સાત સ્વર બતાવવામાં આવ્યા છે દરેકની નીચે આંકડા લખવામાં આવ્યા છે. આંકડા સુરની ફ્રિકવન્સી ના છે. જ્યારે સંગીતના સાનો ધ્વનિ ઉત્પન્ન કરવામાં આવે ત્યારે એની ફ્રિકવન્સી 256 ની હોય છે આ રીતે સાતે સ્વરની અંદર ફ્રિક્વન્સી બતાવવામાં આવી છે. સ્વર છે એની frequency પહેલો જે સ્વર છે એની ફ્રિકવન્સી 256 અને પછી જે સા આવે છે એની 512 બતાવવામાં આવી છે. પહેલો જે સાથ છે એની ફ્રિકવન્સી હંમેશા ડબલ જ હોય છે એ રીતે આ બધામાં લાગુ પડે છે. આ માટેનું આ વિશિષ્ટ વિજ્ઞાન છે. સંગીત સંગીતકાર શુદ્ધ તો હોવો જ જોઈએ પણ સાથે સાથે એની પાસે વિજ્ઞાન ની માહિતી હોય તો એ સારી રીતે સમજી શકે બીજાને સમજાવી શકે છે એટલા માટે આ સંગીત નું વિજ્ઞાન પણ જાણવું આવશ્યક છે. સંગીત શાસ્ત્રી પોતે ધ્વની શાસ્ત્રી હોય, પોતે વિજ્ઞાનનો નિષ્ણાંત હોય તો એનું અદભુત પરિણામ આવી શકે છે.

હાર્મોનિયમ ની અંદર બધી જ કી એક સાથે આપવામાં આવી છે. એમાં સંગીતના સુરની સાથે એની વિશેષતા ની માહિતી આ પ્રમાણે છે. 3 ઓક્ટો બતાવવામાં આવ્યા છે. પહેલું છે એ મંદ શતક છે બીજું જે છે એ મધ્ય સપ્તક છે તાર સપ્તક છે. સુરની જે ફ્રિકવન્સી બતાવી છે એ મધ્ય સપ્તક ને લઈને છે જ્યારે ડાબી તરફ નીકીને જ્યારે સાદબાવવામાં આવે ત્યારે સાવ એની ફ્રિક્વન્સી 256 કરતા અડધી થઇ જાય છે એટલે સૂર થોડો જાડો નીકળે છે. મંદ સપ્તક ની અંદર સુર થોડો ગંભીર હોય છે મધ્યક ની અંદર મધ્યમ હોય છે અને જ્યારે તાર સપ્તક એકદમ ઝીણો અવાજ આવે છે કારણ કે તાર સપ્તક ની અંદર ફ્રિકવન્સી ડબલ થઈ જાય છે. આ રીતે આ ત્રણેય શપ્તકનું નું વૈજ્ઞાનિક રહસ્ય છે.

સંગીત સાથે સંકળાયેલું છે ઇન્ટરવલ્સ છે એ સંગીતમાં બહુ મહત્વની વાત છે. અહીં 12 પ્રકારના ઇન્ટરવલસ બતાવવામાં આવ્યા છે. હાર્મોનિયમ ની કઈ કી બે વારાફરતી દબાવવામાં આવે તો એ ઇન્ટરવલ ઉત્પન્ન થાય છે એની પાછળનો આંકડો રેશિયો છે. એની અંદર ગ કી દબાવ્યા પછી મા દબાવવામાં આવે તો હાફ ટોન માઇનોર સેકન્ડ નામનો પેદા થાય છે સ્વર પેદા થાય છે. બીજા માઇનોર ટોન મેજર સેકન્ડ એમાં વી અને ગ આવે રી દબાવવામાં આવે પછી ગ દબાવવામાં આવે ત્યારે માઇનો ટોન મેજર સેકન્ડ ઉત્પન્ન થાય છે. જે છેલ્લું ખાનું બતાવવામાં આવ્યું છે એ આવૃત્તિ ગુણોત્તર એનો રેસીઓ બતાવવામાં આવ્યો છે એટલે આ સ્વરંતર નો મતલબ અહીં ગુણોત્તર કરવાનો છે. એ રીતે બબ્બે કી ના ગુણોત્તર દ્વારા આ ફ્રિકવન્સ બતાવવામાં આવે છે. એનું સંગીત શાસ્ત્રમાં વિશિષ્ટ મહત્વ છે. જે દબાવવામાં આવે છે બંને કી એનાથી કેવા કેવા પ્રકારના અલગ અલગ પ્રકારના ગુણોતર થી યુક્ત સૂર ઉત્પન્ન થાય છે.16 બાય 15 નું ગુણોત્તર છે ફ્રિકવન્સી નો પહેલા સ્વરાંતરમાં. તે અલગ અલગ રીતે બાર પ્રકારના ગુણોત્તર અહીં બતાવવામાં આવ્યા છે.

આ ગીતનું સંગીતનું આ ભૌતિકશાસ્ત્ર આજથી નહીં પરંતુ અનાદિકાળથી ચાલતું આવ્યું છે શાસ્ત્રોમાં પણ અનુયોગ દ્વાર માં છે એ સિવાય સ્થાનાંગ વગેરે આગમોમાં પણ સંગીતનો વિષય ચર્ચવામાં આવ્યો છે એટલે એ સંગીતની અંદર આ બધી જ વાત પ્રાચીન ગ્રંથોમાં અર્ધમાગધિ ભાષામાં બતાવ્યું છે અને એ પાછળના આચાર્ય ભગવાન તોએ ટીકાકારોએ કરવામાં આવી છે સંસ્કૃત ભાષામાં એની વ્યાખ્યા કરવામાં આવી છે અને એની અંદર આ બધું જ બતાવવામાં આવ્યું છે એ રીતે આ ગુણોત્તર નું વિશિષ્ટ મહત્વ છે.

ફ્રિક્વન્સી ના ગુણોત્તરને અહીં અલગ અલગ રીતે બતાવવામાં આવ્યું છે. સા છે એ રીની સાથે જોડાય ત્યારે ધ સાથે જોડાય ત્યારે કયો ગુણોત્તર આવે મ ની સાથે જોડાય તો કયો ગુણોત્તર આવે એની અહીં ચોક્કસ રીતે અદભુત રીતે અહીં બતાવવામાં આવ્યું છે. આ રીતે વિવિધ પ્રકારના જે સાત સૂર છે એની પરસ્પરની જે ફ્રિકવન્સી છે એનો ગુણોત્તર એને ઇન્ટરવલ્સ કહેવામાં આવે છે. અહીં સર્વાર્થ સિદ્ધ વિમાનની રચના કરવામાં આવી છે. વેદનીય કર્મની

પંડિત વીર વિજયજી મહારાજે બતાવી છે. વેદનીય કર્મની પૂજામાં સર્વાર્થ સિદ્ધ વિમાનના જે દેવો છે એમનુંશાતાનીય  સુખ કેવું છે એ અદભુત બતાવતા છે. એની જે રચના છે એની વાત અહીં બતાવવામાં આવી છે. અનુત્તર વાસી દેવનું શરીર માત્ર એક હાથનું હોય છે તેઓ હંમેશા સુતા જ હોય છે. આ દેવો હંમેશા તત્વનું જ ચિંતન કરતા હોય છે કારણ કે સમ્યક દ્રષ્ટિ દેવો હોય છે. પરમાત્માની જે દેશના છે એનું ચિંતન કરે છે. હંમેશા માટે 24 કલાક એ ચિંતન ના કરે છે એનું તો એ કઈ રીતે સુખ ભોગવે છે એનું વર્ણન કરતા એ વિમાનમાં સૈયા ની ઉપર 253 મોતીનું ઝૂમર અને તેનાથી ઉત્પન્ન થતા સંગીત બતાવવામાં આવ્યું છે. એ ઝુમર ની રચના એ આ સંગીતનો જે ગુણોત્તર છે એ બંને એકબીજા સાથે મેચ થાય છે. એની રચના આ રીતે હોય છે. વચ્ચેનું મોટું મોતી એ 64 હોય છે મણ નું હોય છે. ૩૨મણના બીજા ચાર મોતી પહેલા વલય ની અંદર આવે છે. બીજા વલયની અંદર 16 મણ ના આઠ મોતી આવે છે. ૨ મણના 128 એ રીતે અલગ અલગ સંખ્યા ના મોતીઓનો જે હોય છે. આખું એક ઝુમર હોય છે. પવનના યોગથી એ મોતી એકબીજા સાથે અથડાય છે એમાંથી સંગીત પેદા થાય છે. રાગ રાગિણી ઉત્પન્ન થાય છે. મોતી 64 મણનું મોતી ૩૨ મન સાથે  આ રીતે અથડાય ત્યારે એનું રાગ કેવો હોય છે. એ અલગ અલગ મોતીઓ સાથે અથડાય ત્યારે એનું રાગ કેવો હોય છે ત્યારે એના બધા સુર અલગ અલગ હોય છે અદ્ભુત  પ્રકારના રાગ રાગીની પ્રગટ થાય છે. રાગ રાગીણીને સર્વાર્થ સિદ્ધ તો સિદ્ધના દેવો જાણે છે સાંભળે છે એના સાથે નાટક સ્વરૂપે જુએ છે તના વિમાન ની અંદર તો એક જ દેવ હોય છે. બીજા બધા કલ્પાતી હોય છે ત્યારે એમાં કોઈ સ્વામી જેવું હોતું નથી ત્યાં દેવ કે દેવી હોતા જ નથી. તો ત્યાં નાટક કઈ રીતે ઉત્પન્ન થાય છે. રાગ રાગિણી એના જે સુર છે એ ધ્વનિને નિર્મળ અવધી જ્ઞાનવાળા આ જે દેવો છે ને પોતે જુએ છે એ સુરને પોતે જુએ છે .અવધિ જ્ઞાન દ્વારા એમને એ નાટક સ્વરૂપે દેખાય છે. આ એમના નિર્મળ અવધિજ્ઞાનના પરિણામ છે. હવે આશ્ચર્ય થાય કે ધ્વનિના જે તરંગો છે એ અવધિ જ્ઞાની કેવી રીતે જાણી શકે? ધ્વનિ વગેરે ભાષાના પુદગલ પરમાણું થી જાણી ઉત્પન્ન થાય છે. અવધિ જ્ઞાનનું વિષય પુદગલ વગેરે દ્રવ્યો છે પૂતગલોને પ્રત્યક્ષ રીતે જોઈ શકે છે. જ્ઞાન એવું નિર્મળ છે રાગ રાગિણી અને ધ્વનિના જે સુર નીકળે છે એને તેઓ નાટક સ્વરૂપે જુએ છે. આ રીતે આજે ઝુમ્મર છે એનિ  સંખ્યા છે અને એનો જે ગુણોત્તર છે એ

સંગીતના જે ઇન્ટરવલ બતાવ્યા છે એની સાથે ખરેખર મેચ થાય છે તો આવું અદભુત સંગીત તો આવું અદભુત સંગીત સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવો 24 કલાક સાંભળે છે.

આવું જ આપણે ત્યાં પણ બતાવવામાં આવેલું છે. આપણે ત્યાં વિન્ડચેટ ઘણા લોકોને ત્યાં મૂક્યું હોય છે. ઉપર  એક ડિસ્ક હોય અને એની નીચે દોરાની અંદર આવેલી હોય છે. એ ભૂંગરી પવનના યોગથી એકબીજાના સાથે અથડાય છે મ્યુઝિક ઉત્પન્ન થાય છે એ છે પવનનું સંગીત, એ જ પદ્ધતિ અહીં સર્વાર્થ સિદ્ધ વિમાનની અંદર હોય છે. આ રીતે ફ્રિકવન્સી ગુણોતર નું જે ગણિત છે એ ગણિતની સાથે સંકળાયેલું છે.

સંગીતની વાત કરીએ તો જલ તરંગ સંગીતની વાત કરીએ તો એમાં આ સંગીત વગાડનાર જે સંગીતકારો હોય છે એ પોતાની આજુબાજુ પોતાની સામે લગભગ 21 વાટકીઓ મૂકે છે. એમાં પાણી ભરે છે દરેક બાઉલની અંદર પાણી અલગ અલગ પ્રમાણમાં હોય છે. પાણી ભરતી વખતે એને ટકોરા મારીને એની સાથે પોતે સૂર મેળવીને એટલે પહેલી જે વાટકી હોય એનો સુર 256 ની જે ફ્રિકવન્સી છે એના કરતાં અડધી ફ્રિકવન્સી વાળો હોવો જોઈએ. એ રીતે પહેલા મંદ સપ્તકનો સુર મેળવે. એ રીતે એકવીસ વાટકી અંદર સંગીતના સુર મેળવે છે સંગીતનો જે નિષ્ણાંત હોય એ જાણી શકે છે કે આ સા છે કે આ રી છે આ જલ તરંગ માટે ની ફ્રિકવન્સી માટે એના મેજરમેન્ટ માટે મશીન આવે છે. એના દ્વારા ફ્રિકવન્સી માપવામાં આવે છે. પાણી ભરવામાં આવે છે અને એના આધારે સુર નક્કી થાય છે,ફ્રિકવન્સી નક્કી થાય છે. એ  વગાડવામાં આવે છે એ પ્રમાણેનો સુર નીકળે છે. આ રીતે જળ તરંગમાં પણ ફ્રિકવન્સી બહુ મહત્વની ચીજ છે.

મનુષ્યના સ્વરના આધારે તેના સ્વભાવ અને નસીબનું નિર્દેશ મળે છે. આ વાત અનુયોગ સૂત્રમાં બતાવવામાં આવી છે એટલે ગણધર ભગવાનતો એ બતાવેલી આ વાત છે. સ્વરના આધારે  સ્વભાવ જાણી શકાય છે અને આપણું ભાગ્ય કેવું છે એ પણ જાણી શકાય છે.

જન્મ કુંડલીના ગ્રહો કે હસ્તરેખાના આધારે મનુષ્યના સ્વભાવ, વ્યવસાય કે સારા માઠા નસીબનાં સંકેતો મળે છે તે જ રીતે જે તે વ્યક્તિના સ્વરના આધારે પણ સ્વભાવ, ભાગ્યનો નિર્દેશ મળે છે એવું જૈન આગમ શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં કહેવાયું છે. સ્વરના સાત પ્રકાર

જે મનુષ્યનો સ્વર ષડજ હોય અથવા તો તે સ્વરની સાધના કરતો હોય તો તે ધન, આજીવિકા સારી રીતે મેળવે છે. મેળવેલા ધનનો નાશ થતો નથી. ગાય, પુત્ર, મિત્રો મળે છે તથા સ્ત્રીઓને તે પ્રિય થાય છે. એટલે પ્રાચીનકાળની અંદર ભગવાન મહાવીરના જે શ્રાવકો હતા એ એટલા પૈસાદાર સંપત્તિ કેટલી હતી પાસે કેટલા ગોકુલ છે એ વગેરેનો નિર્દેશ બતાવવામાં આવતો હતો. દશ શ્રાવક ચરિત્ર ની અંદર ગાયની સંખ્યા ના આધારે એની સંપત્તિ બતાવવામાં આવી છે. ષડ વાળાને એને આ બધી વસ્તુઓ સહજ રીતે મળતી હોય છે જે આ સ્વરની સાધના કરતા હોય છે,ઋષભ સ્વરવાળો મનુષ્ય ધન, સેનાપતિપણું, વસ્ત્ર, સુગંધી પદાર્થો, અલંકાર, સુંદર શૈયા પ્રાપ્ત કરે છે. એટલે ઋષભ સ્વર વાળા ને આ બધી વસ્તુઓ સહજતાથી પ્રાપ્ત થાય છે. ગાંધાર સ્વરવાળો માનવી ઉત્તમ પ્રકારની આજીવિકા મેળવનાર કળાકાર, ઉત્તમ પ્રકારનો કવિ, વિવિધ પ્રકારના શાસ્ત્રોમાં પારંગત થાય છે. તે ગાંધાર સ્વરની જે સાધના કરતું હોય એને આ બધી વસ્તુઓની પ્રાપ્તિ થતી હોય છે.

મધ્યમ સ્વરવાળો મનુષ્ય સુખી હોય છે. પોતે ખાય પીયે અને બીજાને ખવડાવે પીવડાવે છે. દાન આપનારો થાય છે. પંચમ સ્વરવાળો માનવી પૃથ્વીપતિ રાજા થાય છે. શૂરવીર, અનેક પ્રકારની વસ્તુઓનો સંગ્રહ કરનાર, અનેક પ્રકારના સમૂહનો નાયક બને છે. એટલે મોટાભાગે જે રાજા હોય છે એ પંચમ સ્વર વાળા હોય છે એની સાધના કરતો હોય અથવા તો કુદરતી રીતે એમાં પંચમ સ્વર હોય છે તો આ રીતે કલામ સ્વર એટલો મીઠો છે કે ભલભલા એનાથી અભિભૂત થઈ જાય છે. વ્યક્તિત્વ નમ્ર છે એ પંચમ સ્વરના પરિણામે છે એટલે આ પંચમ સ્વરના રાજાપ્રમુખ રાષ્ટ્રપતિ પણ બની શકે છે.

ધૈવત સ્વરવાળા દુઃખી, ખરાબ આજીવિકાવાળા, પશુ-પક્ષીઓનો શિકાર કરનારા બને છે. નિષાદ સ્વરવાળા પગે ચાલનારા, ભારનું વહન કરનારા, મજૂર,સંદેશવાહક અને કજિયાખોર

હોય છે. આ રીતે મનુષ્યના સ્વભાવ ઉપરથી એ કયા સુરવાળો છે અને સુર ઉપરથી એ કેવા સ્વભાવ વાળો છે એ ખબર પડે છે અને એનું ભાગ્ય શું છે એ ખબર પડે છે એની આજીવિકા કેવી છે એની પણ ખબર પડે છે એ આપણે આધારે જાણી શકીએ છીએ.

પાશ્ચાત્ય સંગીત ઘોંઘાટીયુ લાગે છે જ્યારે ભારતીય સંગીત સૌમ્ય શાંત ગીરગંભીર જણાય છે.  અત્યારે ડીજેના જે સંગીતો આવે છે જેમ ડેસીબલ સ્વર નીચા એમ એની મીઠાશ વધારે હોય છે .ડેસીબલ ધ્વનિ નું એક તીવ્રતા માપવાનું એકમ છે. જે કાન છે એ એ સામાન્ય ધ્વનિ ૧૧૦ ડેસીબલ સાંભળી શકે છે, જે કેપેસિટી હોય એ પ્રમાણેનું શબ્દ એ સાંભળી શકે છે. અને 110 થી વધારે ડેસિબલ ધ્વનિ આવે છે ત્યારે એની મીઠાશ જતી રહે છે. કર્કશ પણ આવે છે. ધ્વનિ નું માપ 110 ડેસીબલ કરતાં ક્યારેય પણ વધારે હોતું નથી .આજના જે ડીજે સંગીત છે એમાં 110 થી વધારે ડિસિબલ હોય છે એટલે એ જે સંગીત છે આપણા કાન અને હેલ્થ માટે નુકસાનકારક છે.

અજીત શાંતિ સ્તોત્રની આપણે વાત કરીએ. તો અહીં 200 વર્ષ પ્રાચીન ચિત્ર બતાવવામાં આવ્યું છે સ્ત્રી છે સ્ત્રીનું ચિત્ર છે એ રાગ તોડી ગઈ રહી છે અને એનાથી આકર્ષાઈને હરણ એની પાસે આવી રહ્યું છે એવું બતાવવામાં આવ્યું છે અનુ યોગદ્વાર સૂત્ર સામવેદ અને ગંધર્વ વેદ એ બીજા હિન્દુ પરંપરા ના ગ્રંથો છે એમાં પણ સંગીતનું સારું એવું જ્ઞાન આપવામાં આવ્યું છે.

બાળકને જો તેજસ્વી બનાવવો હોય તો એનો વૈજ્ઞાનિક કીમીઓ શું છે તે અહીં દર્શાવવામાં આવ્યું છે. એમ અબ્દુલ કલામ રાજારામનાચિત્રો  આપવામાં આવ્યા છે. બન્ને સંગીતના નિષ્ણાંતો હતા. આ સાયન્ટિસ્ટ ના ચિત્રો આપવામાં આવ્યા છે. અબ્દુલ કલામ પણ કર્ણાટક સંગીતના નિષ્ણાંત હતા એ જ રીતે ડોક્ટર રાજારામ પણ સંગીતના નિષ્ણાંત હતા. આ રીતે બંને સાયન્ટિસ્ટો સંગીતના નિષ્ણાંત હતા. આઇન્સ્ટાઇન માટે પણ કહેવાય છે કે તેઓ પણ વાયોલીન વાદક હતા. અત્યારે જે સાયન્ટિસ્ટ છે ડો.દિલીપભાઈ એ પણ વાયુ વાયોલીન વાદક

છે કોમ્પ્યુટર સાયન્ટિસ્ટ છે. આ રીતે ઘણા વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓ સંગીતના નિષ્ણાંત હોય છે.

અજીત પોપટના આ લખાણમાં બતાવવામાં આવ્યું છે કે તમારા બાળકને જો કોઈ પણ વિષયમાં નિશાંત બતાવો બનાવો હોય તો એને ઓછામાં ઓછું એક ઇન્સ્ટ્રુમેન્ટ વગાડતા શીખવાડવું જોઈએ. સંગીતથી બાળકની ગ્રહણ શક્તિ વધે છે અને નવું નવું શીખવાની આવડતમાં સંગીત વધારો કરે છે આ રીતે સંગીતની બાળકો ઉપર શી અસર થાય છે એનું એક સંશોધન કરવામાં આવ્યું છે ,એનો અભ્યાસ કરવામાં આવ્યો છે એ પછી આ તારણ રજૂ કરવામાં આવ્યું છે. આ રીતે સંગીત એ બાળકોના વિકાસના મહત્વનો ભાગ ભજવે છે.

અજિત શાંતિ બહુ મહત્વનું સ્તોત્ર છે આપણી જૈન શ્વેતાંબર પરંપરામાં. અજીતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન આ બંને પરમાત્મા ની સ્તવન સ્વરૂપ સ્રોત જ છે આ ગાથાઓમાં છેડે એક એક શબ્દ મૂકવામાં આવ્યો છે. આપણને આશ્ચર્ય થાય છે કે આ બધા શબ્દો શું છે. એ બધા છંદ ના નામ છે કઈ ગાથા કયા છંદમાં રચવામાં આવી છે અને શેમાં બોલવી જોઈએ એનું એ સૂચન કરે છે. જેમ કે ભક્તામર સ્તોત્ર છે એની 44 ગાથા વસંતતિલકા છંદમાં રચવામાં આવી છે. એ રીતે આ સ્તોત્રની જે ગાથાઓ છે એમાં 26 જેટલા છંદો છે વાપરવામાં આવ્યા છે અને આ ગાથાઓ જો એના મૂળ છંદમાં બોલવામાં આવે એની પહેલી અને એની છેલ્લી ત્રણ ગાથાઓમાં બતાવવામાં આવ્યું છે કે આ સ્તોત્રનું બે વાર સવારે અને સાંજે પાઠ કરે છે અથવા તો બે વાર સ્મરણ કરે છે તો એને કોઈ પણ જાતનો રોગ થતો નથી, જો રોગ થયો હોય તો એ નાશ પામે છે. આ પ્રભાવ અમે ઘણીવાર અનુભવ્યો છે. જુદા જુદા પ્રકારના છંદોથી બધા જ પ્રકારના રોગ દૂર થઈ શકે છે એવું અજિત શાંતિ સ્તોત્રના કરતા કહે છે કે એ જે ગાથા છે શરત એ છે કે એ જે ગાથા છે એ એના ઓરીજનલ છંદમાં જે રાગ છે એ રાગની અંદર ગવાવી જોઈએ. જો એ ઓરીજનલ છંદમાં ગવાય તો એનો અનુભવ થઈ શકાય છે . આ સ્તોત્ર બધા જ રોગોની એક દવા છે આ સ્તોત્ર નું છે.

હવે બને છે એવું કે ઓરીજનલ છંદને બદલે લોકો જુદા જુદા રોગો રાગમાં ગાવાનું રાગમાં ગાવાનું પસંદ કરે છે એથી એનો જે પ્રભાવ છે એ અનુભવી શકાતો નથી, એની મજા મરી જાય છે એમાં અત્યારના જે આધુનિક રાગ છે એ રાગમાં ગાવું જોઈએ નહીં એવું સૂચન છે. તો આ રીતે આ સ્તોત્ર બહુ મહત્વની વસ્તુ છે એમાં પણ આ ફ્રિકવન્સી અને ધ્વનિ તરંગો જ કામ કરે છે જેમ ધ્વનિ તરંગો દ્વારા કિડની સ્ટોન દૂર થઈ શકે એમ કોઈપણ પ્રકારના રોગ આ સ્તોત્ર દ્વારા દૂર થઈ શકે છે.

અહીં ન્યુરોલોજીકલ વસ્તુ બતાવવામાં આવી છે

This is a picture showing a healthy hemoglobin cell exposed to a voice singing of the note G '392". The cell clearly is pulsing with vibrancy and life as it entrains to the frequency of the sound, becoming clearly more alive and healthy. It appears to actually soak up the sound, until it eventually pulses and emits the sound.

જી 392 નામનો જે સ્વર છે એને જ્યારે વગાડવામાં આવે છે ત્યારે ઇમોગ્લોબિન નો જે સેલ છે એ આ પ્રમાણે વાઈબ્રેટ થાય છે, આ રીતે સંગીતની હિમોગ્લોબિન ના સેલ ઉપર અસર થાય છે એ રીતે સંગીતની અસર આપણા શરીરના પ્રત્યેક સેલ ઉપર થાય છે. એ આપણા સંગીત એ આપણા સ્વાસ્થ્ય માટે બહુ મહત્વની વસ્તુ છે સિદ્ધ થઈ શકે છે

મ્યુઝિકની શરીર ઉપર શું અસર થાય છે એ માલકોશ રાગ દ્વારા જાણવામાં આવ્યું. મ્યુઝિક ની અસર આપણા મગજ અને મન ઉપર થાય છે એ વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલું છે.

**********************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST